માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫
હેઠળ મળેલ અરજીઓ અને અપીલોની
માહિતી માટે રજિસ્ટર નિભાવવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાન્ય વહીવટ વિભાગ
**પરિપત્ર ક્રમાંક : વહસ/૧૦/૨૦૦૫/૨૫૫૬/ભાગ-૧/આર.ટી.આઇ. સેલ**
સચિવાલય, ગાંધીનગર
**તારીખ : ૦૩/૧૦/૨૦૧૩**

**સંદર્ભ :** (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૫/૦૫/૨૦૦૯ નો પરિપત્ર ક્રમાંક : વહસ/૧૦/૨૦૦૫/૨૫૫૬/આર.ટી.આઇ. સેલ
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૭/૦૮/૨૦૧૩ નો પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦/૨૦૧૨/૯૧/આર.ટી.આઇ. સેલ
(૩) રાજ્ય માહિતી આયોગનો તા.૦૪/૦૯/૨૦૧૩ નો પત્ર ક્રમાંક : GIC/ADM/PAD/Resolution/2013

**પરિપત્ર :**

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેર સત્તામંડળો પાસેથી માહિતી મેળવવા માટે અરજદારશ્રીઓ દ્વારા કરવામાં આવતી અરજીઓની માહિતી નિયત નમૂનામાં રજિસ્ટર નં. ૧ મુજબ અને અપીલોની માહિતી રજિસ્ટર નં. ૨ મુજબ નિભાવવા માટે દરેક જાહેર સત્તામંડળને ઉપર સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૨૫/૦૫/૨૦૦૯ ના પરિપત્રથી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવામાં આવે અને નિયત રજિસ્ટર નં. ૧ અને ૨ માં અરજીઓ અને અપીલોની માહિતી અચૂક નિભાવવામાં આવે તે માટે તમામ જાહેર સત્તામંડળને સંદર્ભ (૨) માં દર્શાવેલ તા.૦૭/૦૮/૨૦૧૩ ના પરિપત્રથી પુન: સૂચનાઓ આપવામાં આવેલ છે.

૨. રાજ્યના તમામ જાહેર સત્તામંડળને માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ મળતી અરજીઓ અને અપીલોની માહિતી ઉપર દર્શાવ્યા મુજબ નિયત રજિસ્ટરમાં નિભાવવા માટેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે છતાં પણ રાજ્ય માહિતી આયોગના ઉપર સંદર્ભ (૩) માં દર્શાવેલ તા.૦૪/૦૯/૨૦૧૩ ના પત્રમાં દર્શાવ્યા મુજબ મોટાભાગના જાહેર સત્તામંડળો તેમને મળેલ અરજીઓની માહિતી માટે જરૂરી રજિસ્ટર નિભાવતા નથી, પરિણામે માહિતી મેળવવા માટેની અરજીઓ ક્યારે મળી ? આવી અરજીઓના સંબંધમાં શું કાર્યવાહી કરવામાં આવી ? માહિતી ક્યારે આપવામાં આવી? આપેલ માહિતીની સામે પ્રથમ અપીલ થઇ છે કે કેમ ? અને તેની અંતિમ પરિસ્થિતિ શું છે ? તેવી વિગતો જાહેર સત્તામંડળો પાસે હોતી નથી. આ ઉપરાંત રાજ્ય માહિતી આયોગ સમક્ષ બીજી અપીલ કરવામાં આવે તેવા કિસ્સામાં રાજ્ય માહિતી આયોગ તરફથી સુનાવણીની નોટીસ આપવામાં આવે ત્યારે



૨/- ઉપરોક્ત પરિપત્ર વુનાવાસટાના વુનાવાસટાના પખસાણ ઉપર મુજબ ...